# હું ક્યારેય સ્ક્રિપ્ટ વાંચતો નથી

# સલમાન ખાન



શો-શા

સલમાન ખાન એવા દુર્લભ સ્ટાર્સ માનો એક છે જેણે દાયકાઓ સુધી ફિલ્મ જગત પર અને ચાહકોના દિલમાં રાજ કર્યું. 'મેને પ્યાર કિયા ' અને 'સાજન' થી લઈને ' હમ આપકે હે કૌન' અને 'બજરંગી ભાઈજાન' સુધી તેને હંમેશા તમામ ઉમરના ચાહકોના દિલમાં એક ખાસ સ્થાન બનાવ્યું છે. અહીં ઈન્ટરવ્યુમાં સલમાન તેના વ્યક્તિત્વને ઘડનાર બાબતો અને તેની ગટ ફીલિંગ કેટલી સાચી પડે છે તે વિષે આપની સાથે વાત કરે છે. આ ઉપરાંત, તે સ્ક્રિપ્ટ કેવી રીતે પસંદ કરે છે અને પોતાના અંગત જીવન વિષે આપણી સાથે વાતચીત કરે છે.

**એવી કઈ વ્યક્તિઓ છે જેની સાથે તને કામ કરવાનું ગમે છે? જેમની સાથે તને ઘર જેવો અનુભવ થાય છે?**

મારી પહેલી ફિલ્મના ડીરેક્ટર સુરજ બરજાત્યા સાથે મારો ભાઈ જેવો સંબંધ છે. ત્યાર બાદ, જો કોઈની સાથે શુટિંગ કરવાનું ગમતું હોય તો તે છે, અરબાઝ ખાન, સોહેલ ખાન અને સંજુ. ખરેખર તો મારી બધી ફિલ્મ મારી ગમતી વ્યક્તિઓ સાથે જ હું કરવાનું પસંદ કરું છું. હું માનું છું કે ફિલ્મના સેટ પર કમ્ફર્ટ ત્યારે જ આવે છે જ્યારે તમારી ગમતી વ્યક્તિઓ તમારી આસપાસ હોય. જો ફક્ત સ્ક્રિપ્ટ જ પસંદ હોય અને સાથે કામ કરનાર વ્યક્તિઓ પસંદ ન હોય તો ક્યાં તો તમારે તે ફિલ્મ ન કરવી જોઈએ અથવા તે વ્યક્તિઓને સાથે તાલમેલ બેસાડો અને ફિલ્મ કરો. નફરતના પાયા પર તાજ મહેલ બાંધી શકાતો નથી.

> **મારી પહેલી ફિલ્મના ડીરેક્ટર સુરજ બરજાત્યા સાથે મારો ભાઈ જેવો સંબંધ છે. ત્યાર બાદ, જો કોઈની સાથે શુટિંગ કરવાનું ગમતું હોય તો તે છે, અરબાઝ ખાન, સોહેલ ખાન અને સંજય દત્ત. ખરેખર તો મારી બધી ફિલ્મ મારી ગમતી વ્યક્તિઓ સાથે જ હું કરવાનું પસંદ કરું છું**

**શું તું ફિલ્મ પસંદ કરતા પહેલા સ્ક્રિપ્ટ વાંચે છે?**

મારા જીવનમાં મેં ક્યારેય સ્ક્રિપ્ટ વાંચી નથી. જો મેં લખી હોય તો પણ હું તે વાંચતો નથી. જો હું તે વાચું તો મને તેને સમજવામાં મુશ્કેલી પડે છે. બની શકે કે ત્રીજી લાઈન વાંચી વખતે મારું મગજ પાંચમી લાઈન પર જ અટકી જાય કે તેમાં શું કહેવા માંગે છે અને પછી હું આ બે લાઈન્સ વચ્ચે મૂંઝવણમાં પડી જાઉં છું. આના બદલે હું રાઈટર કે ડીરેક્ટર પાસે સ્ક્રિપ્ટનું નેરેશન સાંભળવાનું પસંદ કરું છે, જેનાથી મને તેમના દ્રષ્ટિકોણનો અંદાજ આવે છે. જો હું સ્ક્રિપ્ટ વાંચું તો તે ફિલ્મને મારા દ્રષ્ટિકોણથી જોઉં છું જે રાઈટર કે ડીરેક્ટરના દ્રષ્ટિકોણથી અલગ જ હોવાનો. આ કારણસર હું સ્ક્રિપ્ટ કે નરેશન સાંભળવાનું વધારે પસંદ કરું છું.

**શું તું સ્ક્રિપ્ટને લઈને મૂંઝવણમાં હોય હોય ત્યારે તારા પિતા પાસે જાય છે?**

આજે પણ જયારે હું સ્ક્રિપ્ટને લઈને મૂંઝવણમાં હોવ ત્યારે તે તેમની પાસે લઇ જાઉં છું. પછી તેઓ જેમ કહે તેમ જ કરું છું.

**તારું 'ઓ ઓ જાને જાના' ગીત અને તારો શર્ટલેસ લુક નેશનલ ક્રેઝ બની ગયો હતો. આ વિશે તારું શું કહેવું છે?**

[સલમાન સ્મિત સાથે] મને લાગે છે કે આ બાબતમાં હું નસીબદાર છું. 'ઓ ઓ જાને જાના ' ગીત અને મારો શર્ટલેસ હોવું એ હજી સુધી લોકોના દિલમાં છે અને મને લોકોએ આટલો પ્રેમ આપ્યો તે માટે હું પોતાને નસીબદાર માનું છું.

**હાલમાં, તે ઇન્સ્ટાગ્રામ પર એકલતા વિષે વાત કરી હતી. આ બાબતમાં કઈ સ્પસ્ટતા કર.**

હા, તે પોસ્ટ વિશે લોકોને લાગ્યું હતું કે હું મારી એકલતા વિષે વાત કરું છું, પરંતુ વાત એમ ન હતી. જ્યારે મારી પાસે આટલી મોટી ફેમીલી હોય, આટલા બધા ચાહકો હોય તો હું એકલતા કેવી રીતે અનુભવી શકું? ક્યારેક ક્યારેક લોકોની સાથે સતત રહીને પણ અકળાઈ જવાય છે, ત્યારે હું પોતાને રીચાર્જ કરવા એકાંતમાં સમય વિતાવવાનું પસંદ કરું છું. એકલતા અને એકાંત વિષે પણ હું સ્પષ્ટતા કરવા માંગું છું કે એકાંત તમે જાતે પસંદ કરો છો જયારે એકલતા એટલે તમારી સાથે કોઈ રહેવાનું પસંદ કરતુ નથી. બસ આજ વાત હતી.

**તારા આવનાર નવા પ્રોજેક્ટ્સ વિશે જણાવ.**

અપૂર્વ લાખિયા દ્વારા ડીરેક્ટ કરાયેલી ફિલ્મ 'માતૃભૂમિ' ઓગસ્ટ ૨૦૨૬માં રીલીઝ થવાની છે કે જેમાં મારી સાથે ચિત્રાંગદા સિંઘ કો-એક્ટર છે. આ સિવાય, નયનતારા સાથેની ફિલ્મ 'SVC63 આવતા વર્ષે રીલીઝ થશે. •



# કરિયરનો સૌથી મુશ્કેલ સીન કયો હતો?

# નિહારિકા ચૌક્સી

- **કરિયરની શરૂઆત કયા ક્ષેત્રથી કરી હતી?**
TV Ads.
- **ટીવી ઇન્ડસ્ટ્રીમાં મોટો બ્રેક કયા શોથી મળ્યો?**
યે રિશ્તા ક્યા કહલાતા હૈ.
- **કરિયરનો સૌથી મુશ્કેલ સીન કયો હતો?**
'ફાલતુ' સીરિયલમાં ક્રિકેટ રમવાનો.
- **Lead Actress તરીકે ટીવી શો કયો હતો?**
ફાલતુ.
- **કઈ વેબ સીરીઝમાં કામ કર્યું છે?**
'ધ ફેમ ગેમ' અને 'ક્રેશ કોર્સ'.
- **કેવા પાત્રો ભજવવા વધુ ગમે છે?**
મજબૂત અને પડકારજનક.
- **ફિટ રહેવા માટે તે શું કરે છે?**
યોગા અને વર્કઆઉટ.
- **સિંગલ છે કે રિલેશનશિપમાં?**
સિંગલ.
- **ફ્રી ટાઇમમાં શું કરે છે?**
વેબ સીરીઝ જોવી.
- **જો તે એક્ટ્રેસ ન હોત તો?**
મીડિયા લાઈન ઇન્ડસ્ટ્રી.
- **દેશી લુક ગમે કે વેસ્ટર્ન લુક?**
બંને લુક ગમે.
- **ભવિષ્યમાં શું સપનું છે?**
ફિલ્મમાં મુખ્ય એક્ટ્રેસ તરીકે કામ કરવું.
- **એક્ટિંગ કે ડાન્સિંગ**
એક્ટિંગ.
- **કેમેરા સામે કે સ્ક્રીન પર?**
સ્ક્રીન પર.
- **લાઇફનો એવો કયો વળાંક હતો?**
'તુમ સે તુમ તક'
- **ગ્લેમરસ લાઈફ કે સિમ્પલ હોમ લાઇફ?**
મને બંનેનું બેલેન્સ ગમે. •

RAPID FIRE

# વિરાજ ઘેલાણીએ બોલિવૂડ છોડીને ગુજરાતી ફિલ્મ કેમ કરી?



ડિજિટલ કન્ટેન્ટ ક્રિએશનની દુનિયાથી લઈને બોલિવૂડ અને હવે ગુજરાતી સિનેમા સુધી ધૂમ મચાવનાર વિરાજ ઘેલાણી આજે ગુજરાતના દરેક ઘરમાં એક જાણીતું નામ બની ગયો છે. તેની આ જબરદસ્ત જર્ની અને ખાસ કરીને તેની તાજેતરની મોસ્ટ-અવેટેડ ફિલ્મ 'બધું ઓલરાઈટ' વિશે વાત કરીએ, જે હાલમાં ભારે ચર્ચામાં છે. કોણ છે આ વિરાજ ઘેલાણી? મુંબઈમાં ઉછરેલો એક સામાન્ય ગુજરાતી છોકરો, જેણે એન્જિનિયરિંગ કર્યું, પણ જીવ હંમેશાં કંઈક હટકે કરવામાં હતો. FilterCopy, Dice Media અને Pocket Aces જેવા પ્લેટફોર્મ્સ પરથી નાની-નાની સ્કેચ કોમેડી વીડિયોઝ બનાવીને વિરાજે લોકોના દિલ જીતવાનું શરૂ કર્યું. વિરાજના વીડિયોઝ જોઈને એવું ન લાગે કે આપણે કોઈ સેલિબ્રિટીને જોઈ રહ્યા છીએ, પણ એવું લાગે કે આપણો જ કોઈ પિતરાઈ ભાઈ કે પાડોશી પોતાની વાતો કહી રહ્યો છે.

> **મુંબઈમાં ઉછરેલો એક સામાન્ય ગુજરાતી છોકરો, જેણે એન્જિનિયરિંગ કર્યું, પણ જીવ હંમેશાં કંઈક હટકે કરવામાં હતો**

ગુજરાતી સિનેમામાં ધમાકેદાર એન્ટ્રી શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન' અને વિકી કૌશલ સાથે 'ગોવિંદા નામ મેરા'માં નાના પણ યાદગાર રોલ કર્યા પછી વિરાજે નક્કી કર્યું કે હવે પોતાની માતૃભાષામાં કંઈક મોટું કરવું છે અને આવી ફિલ્મ 'બધું ઓલરાઈટ'. ફિલ્મનું ટાઈટલ જ એટલું પોઝિટિવ છે કે થિયેટરમાં જતા પહેલા જ અડધો મૂડ સારો થઈ જાય. ફિલ્મમાં વિરાજની નેચરલ કોમેડી અને ટાઈમિંગ એટલા પરફેક્ટ છે કે દર્શકો હસી-હસીને લોટપોટ થઈ જાય છે. તાજેતરમાં રિલીઝ થયેલી આ ફિલ્મને બોક્સ ઓફિસ પર પણ જોરદાર રિસ્પોન્સ મળી રહ્યો છે. વિરાજ હાલમાં જ ફિલ્મના પ્રમોશન દરમિયાન આપેલા ઈન્ટરવ્યુઝમાં વિરાજનો એક અલગ જ અંદાજ જોવા મળ્યો. તે હંમેશાં હસતો-હસાવતો રહે છે, પણ ઈન્ટરવ્યુમાં તેણે કેટલીક ખૂબ જ મેચ્યોર અને સ્પર્શી જાય તેવી વાતો કરી. વિરાજે જણાવ્યું કે ફોનની નાની સ્ક્રીન પરથી થિયેટરની 70mm સ્ક્રીન સુધી પહોંચવું તેના માટે એક સપના જેવું હતું. તેણે કહ્યું, આજે એ પૂરું થયું. ઈન્ટરવ્યુમાં જ્યારે તેને પૂછવામાં આવ્યું કે બોલિવૂડ છોડીને ગુજરાતી ફિલ્મ કેમ? ત્યારે વિરાજે જવાબ આપતા કહ્યું, મને મારી ભાષા પ્રત્યે પ્રેમ છે.

ગુજરાતી કન્ટેન્ટ ગ્લોબલ લેવલ પર જઈ શકે છે, બસ આપણને સાચો સપોર્ટ મળવો જોઈએ. આજની લાઈફસ્ટાઈલ પર વાત કરતા તેણે જણાવ્યું કે સોશિયલ મીડિયા પર ભલે બધું પરફેક્ટ દેખાતું હોય, પણ રિયલ લાઈફમાં બધું 'ઓલરાઈટ' રાખવા માટે ફેમિલી સાથે સમય વિતાવવો બહુ જરૂરી છે. આજની Gen-Z અને મિલેનિયલ્સ વિરાજને એટલા માટે પસંદ કરે છે કારણ કે તે કોઈ 'ફેક શો-ઓફ' નથી કરતો. તે વડાપાવ ખાતા પણ વીડિયો બનાવશે અને લક્ઝરી કારમાં ફરતા પણ એટલો જ ડાઉન-ટુ-અર્થ રહેશે. તેની ભાષામાં એ જ મુંબઈ-ગુજરાતી મિક્સ તડકો હોય છે જે આજનો યુવા વર્ગ રોજબરોજ બોલે છે. વર્સેટિલિટી રીલ્સ મેકર, એક્ટર અને હવે મૂવિ સ્ટાર. છેલ્લે એટલું જ. લાઈફમાં ગમે તેટલો સ્ટ્રેસ હોય, વિરાજનું કન્ટેન્ટ અને તેની એક્ટિંગ જોઈને તમારા મોઢામાંથી પણ નીકળી જ જશે - ચલને ભાઈ, હવે તો બધું ઓલરાઈટ છે! •